# પ્રજાપિતા બ્રહ્મા, ૧૮ જાન્યુઆરી સ્મૃતિ દિવસ

## જ્ઞાનામૃત

બ્રહ્માકુમાર અનિલ


૧૮ જાન્યુઆરીનો દિવસ એ ભારત માટે ઉલ્લેખનીય દિવસ છે. આ દિવસે બ્રહ્માબાબાએ પોતાના નિરાકારી, નિર્વિકારી અને નિરંહકારી જીવનને કર્માતીત અવસ્થાએ લઈ જઈ પોતાના પાર્થિવ દેહનો ત્યાગ કર્યો અને અવ્યકત બન્યા.

સામાન્ય માનવમાંથી મહામાનવ બનનાર લેખરાજજીનું જીવન પ્રારંભકાળથી જ ઉલ્લેખનીય હતું. એમનો જન્મ ઈ.સ. ૧૮૭૬માં સિંધ હૈદરાબાદમાં કૃપલાનીકુળમાં એક વલ્લભાચારી ભકતને ત્યાં થયો હતો. લેખરાજજીના પિતા શાળામાં મુખ્ય શિક્ષક હતા. શિક્ષક પિતાના ઉચ્ચ સંસ્કારોની છાપ, લેખરાજજી ઉપર પડી હતી.

દાદાએ અનેક ગુરુઓ કર્યા હતા. ભકિત માટે તેઓને વિશેષ પક્ષપાત હતો. તે માટે તેમણે અમરનાથ, હરિદ્વાર, પ્રયાગ, વૃંદાવન, કાશી આદિ વિવિધ સ્થળોએ યાત્રાઓ કરી હતી. તેઓ સાધુ સંન્યાસીઓને પોતાને ત્યાં નિમંત્રણ આપતા. તેઓનું સન્માન કરતા, સત્સંગ કરાવતા અને હજારો રૂપિયા સત્સંગમાં ખર્ચી દેતા.


એક દિવસ મુંબઈમાં બાબુલનાથ મંદિરની સામે આવેલ પોતાના વિશાળ આંગણામાં થઈ રહેલા સત્સંગમાં તેઓ બેઠા હતા. ત્યારે એમને એક નિરાળો જ આંતરિક અનુભવ થવા લાગ્યો. એમને વિષ્ણુ ચતુર્ભુજના સાક્ષાત્કાર થયા. તેઓ આ અંગે કંઈ જ જાણતા નહોતા. હવે એમને મનમાં એવો નિશ્ચય થયો કે દિવ્ય દ્રષ્ટિ અને દિવ્યબુધ્ધિદાતા માત્ર પરમાત્મા જ છે અને પરમાત્માની કૃપાથી જ આ અનુભવ થઈ રહ્યા છે.

આમ દિવ્યચેતનાના અનુભવ પછી દાદા વારાણસી ગયા. ત્યાં એમના મિત્રના બગીચામાં બેસીને તેઓ ચિંતન કરતા હતા. ત્યારે નિત્ય નવા અનુભવો અને દિવ્ય સાક્ષાત્કારો થવા લાગ્યા. એક દિવસ એમને નિરાકાર જ્યોતિલિંગમ શિવ પરમાત્માનો સાક્ષાત્કાર થયો. ભયંકર બૉબમારાથી, વિસ્ફોટથી ચારે બાજુ અગ્નિની જવાળાઓ, માનવ ચિત્કારો



અને વિનાશનું બિહામણું દ્રશ્ય તેમણે જોયું. વિનાશનો સાક્ષાત્કાર થયો ત્યારે આજે અણુબોંબ વગેરે છે તે પ્રાયોગિક દશામાં જ હતા. ‘પ્રભુ બસ કરો, બસ કરો, પ્રભુ. આટલો ભયંકર વિનાશ’ આ સાક્ષાત્કાર પછી દાદાને હીરાઝવેરાત પથ્થર સમા જણાયાં. તેમણે ધીખતી કમાણીવાળો હીરાઝવેરાતનો ધંધો સમેટી લીધો. દાદાના આ પરિવર્તનથી એમના ભાગીદાર પણ અચંબામાં પડી ગયા.

દાદાએ ઈ.સ. ૧૯૩૭માં બહેનોની એક સમિતિ બનાવીને પોતાની સર્વસંપત્તિ ઈશ્વરીયકાર્ય માટે દાનમાં આપી દીધી. જે કન્યાઓ પવિત્ર જીવન જીવી, આધ્યાત્મિક શિક્ષણ મેળવવા માંગતી હતી તેઓ માટે



**દાદાએ ઈ.સ. ૧૯૩૭માં બહેનોની એક સમિતિ બનાવીને પોતાની સર્વસંપત્તિ ઈશ્વરીય કાર્ય માટે દાનમાં આપી દીધી. જે કન્યાઓ આધ્યાત્મિક શિક્ષણ મેળવવા માંગતી હતી તેઓ માટે લૌકિક-અલૌકિક શિક્ષણની, શાળા અને હોસ્ટેલની શરૂઆત કરી. જ્યાં તેઓને દિવ્ય ગુણોથી સભર શિક્ષણ આપવામાં આવતું**

લૌકિક-અલૌકિક શિક્ષણની શરૂઆત કરી. શાળા અને હોસ્ટેલની શરૂઆત કરી. જ્યાં તેઓને દિવ્ય ગુણોથી સભર શિક્ષણ આપવામાં આવતું. સત્સંગમાં આવનાર કન્યાઓ, માતાઓ ઉપર અત્યાચાર થવા લાગ્યા. ત્યાર પછી દાદાએ સત્સંગનું સ્થળાંતર કરાંચીમાં કર્યું. કરાંચીમાં પિતાશ્રીએ ૧૪ વર્ષ સુધી લગભગ ૩૫૦ બ્રહ્માવત્સોને દિવ્ય ગુણોની ધારણા તપસ્યા કરાવી. નિરાકાર પરમપિતા શિવ પરમાત્માએ દાદાના તનમાં દિવ્ય અવતરણ કરીને દાદાનું અલૌકિક નામ પ્રજાપિતા બ્રહ્મા આપ્યું હતું. શરૂઆતમાં ઓમ્ મંડલીના નામે ઓળખાતો સત્સંગ ૧૯૩૭ થી પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના નામે ઓળખાયો. આઝાદી પછીના ત્રણ વર્ષે ઈશ્વરીય પ્રેરણા થતાં આ સંસ્થાનું કરાંચીમાંથી રાજસ્થાનના માઉન્ટ આબુમાં ઈ.સ. ૧૯૫૦ માં સ્થળાંતર થયું.

જીવનનાં પાછલાં વર્ષોમાં તેઓ સતત યોગયુકત અને ઉપરામ અવસ્થામાં રહેતા. એમની અંતિમ વાણીના ઉલ્લેખનીય શબ્દો છે ‘નિરાકારી, નિર્વિકારી અને નિરહંકારી’ બનો. એમણે સંપૂર્ણ કર્માતીત અવસ્થા પ્રાપ્ત કરી ૧૮ જાન્યુઆરી, ૧૯૬૯ના રોજ અવ્યકત બન્યા.

ભારત સહિત વિશ્વના ૧૪૦થી વધુ દેશોનાં ૫૦૦૦થી લઘુ સેવાકેન્દ્રોમાં ૧૮ જાન્યુઆરી - સ્મૃતિ દિવસ નિમિત્તે બ્રહ્માકુમારી વિદ્યાલયનાં ભાઈ-બહેનો જીવનને દિવ્ય બનાવનારા વૈવિધ્યસભર કાર્યક્રમોનું આયોજન કરી ઉજવી રહ્યાં છે.

અહીં તો પિતાશ્રીના જીવનની માત્ર એક ઝલક જ આપવામાં આવી છે પરંતુ વિશેષ માહિતી માટે બ્રહ્માકુમારી વિદ્યાલયના સ્થાનિક સેવાકેન્દ્રની મુલાકાત લેવા આપને આજના દિવસે હાર્દિક ઈશ્વરીય નિમંત્રણ છે.


**ઓમ શાંતિ...**

---

# સુદામાચરિત્ર

## પંચામૃત

નીલાક્ષી પરીખ



મિત્રો, આપણે જોયું કે સુદામાજી શ્રીકૃષ્ણને મળવા તૈયાર થયા છે. દૂબળુંપાતળું હાડપિંજર જેવું શરીર છે. હરિનામ સંકીર્તન કરતાં-કરતાં સુદામદેવે યાત્રા શરૂ કરી છે. આખ્યાનકારો કહે છે- શરીરમાં, પગમાં કાંટા-કાંકરા વાગે છે. લોહી વહેતું જાય છે. એક તો હતું નહીં અને થોડું ઘણું હતું એ ય વહી ગયું- સુદામદેવ મૂર્છિત થઈને પડ્યા. દ્વારકાધીશને ખબર પડી મારો મિત્ર આવે છે. મારો સખા, મારો પ્રિય ભક્ત, જીવ આવી રહ્યો છે મને મળવા. રસ્તામાં પડયો છે, મૂર્છિત થઈને. ભગવાને આજ્ઞા કરી. ગરુડ, ‘હા પ્રભુ’, ‘જાવ, સુદામાને લઈને દ્વારકાના ઝાંપામાં પધરાવો’. ‘જો આજ્ઞા’, કહીને ગરુડજી ગયા. સુદામદેવને ઉઠાવ્યા. બેહોશ સુદામાને પોતાના ખભે ઉઠાવ્યા. ભગવાન પોતે જેના પર સવારી કરે એના પર સવારી કરીને સુદામો આવ્યો ગરુડ પર! પોતાની પર્સનલ ગાડી મોકલને જેમ, લેવા માટે ભગવાને પોતાનું વાહન ગરુડને મોકલ્યા. સુદામદેવને દ્વારકાના ઝાંપામાં પધરાવી ગરુડજી જતા રહ્યા. થોડી વાર થઈ સુદામદેવની મૂર્છા વીતી. સુદામદેવ ઊભા થયા જોયું તો સામે સુંદર નગર, ઊંચુ જગત મંદિર, આકાશને આંબતું એનું શિખર ને ત્યાં પર (બાવન) ગજની ધજા લહેરાતી હતી. આખ્યાનકારો, માણ ભટ્ટો કહે છે-

**‘ઋષિ કહે સુણો મહીપતિ, સુદામે દીઠી દ્વારામતી**
**કલક કોટ ચળકારા કરે, મણિમય રત્ન જડયા કાંગરે’.**

સુદામદેવ મોક્ષમયપુરી દ્વારિકામાં આવ્યા છે. પૂછ્યું કોઈને ‘ભાઈ, જયશ્રીકૃષ્ણ મહારાજ જય દ્વારકાધીશ. હા, તો દ્વારકા પહોંચ્યો-વાત તો એની એ પણ દ્વારકાવાળાને દ્વારકાધીશ વહાલા. એ નામ ગમે. ભાઈ, આ નગરી કઈ? મહારાજ-દ્વારકા હોં. આટલી જલદી પહોંચી ગયો! મને તો એમ કે બહુ દૂર હશે. ખબર નથી કે ગરુડે પોગાડી દીધા. સુદામા દ્વારકા નગરીમાં પ્રવેશ કરે છે. રસ્તામાં કોઈ વટેમાર્ગુ જયશ્રીકૃષ્ણ પેલો કહે-જય દ્વારકાધીશ દ્વારકાનાથ ક્યાં બિરાજે? કહે-જાત્રાળુ લાગો છો? નવા છો? એટલે પૂછો છો. હા, આ જુઓ જગત મંદિર 52 (બાવન) ગજની ધજા ફરકે. કાયમની 4 4 ચઢે છે! બહુ મહિમા છે ધજા ચઢાવવાનો. ક્યાં-ક્યાંથી માણસો આવે. જેની ધજા ચઢેને આટલી ઊંચે ઉડે તેની કીર્તિની ધજા પણ દિગ-દિગંતમાં એમને એમ લહેરાયા કરે!

**‘આ ધોળી ધજા ફરફરે જોતાં હ્દય કરે,**
**ગુરુ સેવાથી સિદ્ધિ પમાય છે રે’ એના ગુરુની કૃપા! આશીર્વાદ!**
**જુઓ સુદામાજી દ્વારિકામાં જાય છે રે,**
**એના મનનો મહેરામણ છલકાય છે રે- જુઓ’**

સુદામા મનોમન બોલ્યા, ભાઈ, હું એ જ ગુરુનો ચેલો છું. મારે ખાવાના વાંધા છે. જેવા સુદામા પહોંચ્યા એટલે ભગવાનના દ્વારપાળો મળ્યા. કહે- મહારાજ, જય દ્વારકાધીશ. પૂછ્યું, ‘દ્વારકાધીશ અહીંયા બિરાજે?’ હા. તમારે શું કામ છે? ક્યાંથી આવો છો? કોણ છો બાપા? ‘કોણ છો ને ક્યાંથી આવ્યા? પોટલીમાં શું લઈ આવ્યા?’ પુછપરછ તો થાયને? ‘આવા આખો દિવસ જીવ ખાય છેરે, જુઓ સુદામાજી..’ બહુ કવરાવે લોકો બધા પછી ઘણીવાર સેવામાં હોય એ કંટાલે તો ખરાંને? કોણ છો? મહારાજ, ક્યાંથી આયા? આમ તો દ્વારકાનાથને ત્યાં બ્રાહ્મણોનું સ્વાગત થાય. એને રોકટોક નથી. પધારો. પધારો

**સુદામા કહે, હું તો અયાચક વ્રતવાળો છું, માંગવા નથી આવ્યો. દર્શને આવ્યો છું, મારે કંઇ જોઇતું નથી. બસ, મળવું છે, દર્શન કરવા છે. પોરબંદરથી આવું છું. નામ મારું સુદામો**

થાય પણ આમ તમે વિચાર કરો તો આજકાલ મિનિસ્ટરોની આજુબાજુ ય સિક્યોરીટી હોય છે. તો આ તો દ્વારકાનાથ! ઘણીવાર દ્વારપાળ પણ કવરાવાય જાય. પોટલીમાં શું છે? પહેલાં દેખાડો બધું. સિક્યોરિટી ટાઈટ છે. મોબાઈલ લઈ જવાની છૂટ નથી. ભાઈ, મારે ‘મની’ ના વાંધા. મોબાઈલ ક્યાંથી હોય? ભાઈ, હું તો દ્વારકાનાથના દર્શને આવ્યો છું. દ્વારપાળ કહે-જુઓ. મહારાજ, તમારે કંઈ જોઈતું હોય તો કાલે સવારે આવજો. સવારે દ્વારકાનાથ યાચકોને દાન આપવા બેસે છે. તમે સવારે આવજો ને તમારા ભાગ્યમાં હશે તો તમને ય મળશે. કહે, સુદામાવાલા ‘હું તો અયાચક વ્રતવાળો છું, માંગવા નથી આવ્યો. દર્શને આવ્યો છું, મારે કંઈ જોઈતું નથી. બસ, મળવું છે, દર્શન કરવા છે. પોરબંદરથી આવું છું. નામ મારું સુદામો. દ્વારપાળ કહે, ‘મહારાજ, તમે ને દ્વારકાધીશના મિત્ર! તમારી હાલત તો જુઓ! ભૂદેવ! લાગે છે કે ભૂખ્યા-ભૂખ્યા પેટની ગરમી મગજે ચઢી ગઈ! દ્વારકાધીશ તમારા મિત્ર! દ્વારકામાં ઘણાં અન્નક્ષેત્ર ચાલે છે જઈને પ્રસાદ લઈ લો. બે કોળિયા પેટમાં પડશે તો બધું સરખું થઈ જશે. સુદામા કહે-ભાઈ, હું તો અયાચક બ્રાહ્મણ છું. કોઈ દિ’ મળે તો પ્રસાદ લઈ લઈએ. બાકી હું બહારનું ખાતો નથી બસ, મારે તો દર્શન કરવા છે. ગમે તેમ તો ય આ વૈષ્ણવ છે. ભગવાનનો વહાલો છે. એની દશા તો જુઓ-

**‘વસ્ત્ર સાજું ના મળે, જોતાં હ્દય બળે.**
**કેવી ભક્તની કસોટી થાય છે રે જુઓ સુદામા...’**

શું ભક્તની કસોટી કરે છે ભગવાન! અહા, પિસોટી ખસી જાય તેવી કસોટી થાય. લસોટી-લસોટી જીવનની ખેલમાં એમાં એવું છે જેટલી લસોરવામાં આવેને ઔષધિ ને એટલો એનો ગુણ વધે! લસોટી નાંખે ક્યારેક.

**‘શા હાલ થયા છે પ્રેમના કહેવાની જરૂર નથી.**
**એ હાલ એના કહી દેશે એની સેંથીમાં સિંદુર નથી’**

ઊભા રહો મહારાજ, હું ઝઈ દ્વારકાનાથને સમાચાર આપું. જો બોલાવે તો જવા દઈશ. હા, ભાઈ, મારો કોઈ દુરાગ્રહ નથી તમે એમ કહેજો મિત્ર છું, સાથે ભણતા, નામ સુદામો કહેજો. ભલે મહારાજ, અહીં ઊભા રહો. દ્વારપાળ ગયો. ઉપર. અહા! ભગવાન જમીને રાજભોગ આરોગી બેઠા છે. હિંડોળે ઝૂલે છે, રાણીઓ ઝુલાવે છે. કોઈ ચામર ઢોળે, કોઈ વાયુ ઢોળે, કોઈ ઝુલાવે છે. રુક્મિણીજીએ પાનનું બીડું ભગવાનને ધર્યું. પ્રભુએ મુખમાં પધરાવ્યું ત્યાં સેવક આવ્યો નમન કરીને બોલ્યો- ‘દ્વારકાનાથનો જય હો. મહારાજ, નીચે કોઈ ગરીબ બ્રાહ્મણ આવીને ઊભો છે. શરીર બહુ દુર્બળ છે, આંખો ઊંડી ઉતરી ગઈ. છે. શરીરના હાડકાં દેખાય છે. ફાટેલી પોતડી પહેરી છે પણ મુખ પર દિવ્ય તેજ છે. અમે તેને કંઈ આપીએ તો લેવાની ના પાડે છે. કહે છે મારે તો દ્વારકાનાથના દર્શન કરવા છે પોરબંદરથી આવે છે, નામ સુદામા બતાવે છે, કહે છે આપનો મિત્ર સુદામો છે.’ હવે પછી ભગવાનની પ્રતિક્રિયા અને સુદામા સાથેના સ્નેહસભર મિલન માટે પ્રતીક્ષા કરવી રહી.

**ગુરુવર્ય પૂ. રમેશભાઈ ઓઝા (પૂ.ભાઈશ્રી)ના સત્સંગને આધારે**